## આઈએસસીસીએમ દ્વારા ક્રિટિકલ કેર ૨૦૨૨ કોન્ફરન્સનું આયોજન



ગાંધીનગર, તા.૯

૬ થી ૧૦ એપ્રિલ ૨૦૨૨ દરમિયાન મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટર, ગાંધીનગર ખાતે આયોજિત, કોન્ફરન્સનો ઉદ્દેશ્ય ક્રિટિકલ કેર મેડિસિનમાં જાગૃતિ, સતત શિક્ષણ અને સંશોધનને પ્રોત્સાહન આપવાનો હતો.

'ક્રિટિકેર ૨૦૨૨'માં ૨૫૦૦થી વધુ ડોકટરો, ૫૦૦ આરોગ્ય સંભાળ વ્યાવસાયિકો અને ૧૦૦૦ તકનીકી નિષ્ણાતોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં શહેરના ખાસ લોકો અને સામાન્ય લોકો ઉપસ્થિત રહ્યા હતા. 'ક્રિટિકેર ૨૦૨૨'નું આયોજન કોવિડ-૧૯ રોગચાળાની પૃષ્ઠભૂમિને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું હતું, જેણે વર્ષ ૨૦૨૦ માં વિશ્વને તબાહ કરી નાખ્યું હતું. રોગચાળાએ માનવ જીવન ટકાવી રાખવાની કૌશલ્ય અને અનુકૂલન ક્ષમતાનું ઘણી રીતે પરીક્ષણ કર્યું છે. આ ઈવેન્ટ ક્રિટિકલ કેર સમુદાય દ્વારા કરવામાં આવેલા પ્રયત્નોની પ્રશંસા કરવા માટે આયોજિત કરવામાં આવી હતી, જેઓ કોઈપણ અપેક્ષા વિના કોવિડના પડકારનો સામનો કરવા માટે ઉભા હતા. ડોક્ટરોએ તેમના જીવનના જોખમની ચિંતાને છોડીને, વ્યવસાયની સાચી ભાવના સાથે વાયરસ સામેની લડતનું નેતૃત્વ કર્યું છે.

આ પ્રસંગે બોલતા ક્રિટિકેર ૨૦૨૨ના ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી, ડૉ. અરિંદમ કરે જણાવ્યું હતું કે "હું ઈન્ડિયન સોસાયટી ઑફ ક્રિટિકલ કેર મેડિસિન "ક્રિટિકેર"ની ૨૮મી વાર્ષિક કોન્ફરન્સમાં ઉપસ્થિત તમામ મહાનુભાવો, મહેમાનો અને પ્રતિનિધિઓ પ્રત્યે મારી સંવેદના વ્યકત કરવાની આ તકનો ઉપયોગ કરું છું. ૨૦૨૨" તે અત્યંત પ્રોત્સાહક છે કે આ ઈવેન્ટ અમારા પ્રતિષ્ઠિત પ્રતિનિધિઓ અને ફેકલ્ટી માટે તેમના અનુભવો, નવા વલણો, નવીન ટેક્નોલોજી અને નવી દવાઓ પરના તેમના સંશોધનને પ્રદર્શિત કરવાની તક તરીકે ઉભરી આવી છે."

કોન્ફરન્સમાં ભાગ લેનાર હેલ્થ કેર પ્રોફેશનલ્સ, સંશોધકો, પ્રોફેસરો અને ડોકટરોએ તેમના જ્ઞાનની વહેંચણી ઉપરાંત સલામતીનાં પગલાં અને માર્ગદર્શિકાઓ પર તેમના જ્ઞાનની આપલે કરી હતી. ચર્ચાના વિષયોમાં ક્લિનિકલ પ્રેક્ટિસ, નવી તકનીકો અને દવાઓ તેમજ નવા સામાન્યનો સામનો કરવા માટે લેવામાં આવતી પહેલનો સમાવેશ થાય છે.

## ગાંધીનગરના બે પોલીસ કર્મચારી સસ્પેન્ડ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લા પોલીસ વડા તરુણ દુગ્ગલ દ્વારા આજે બે પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. શુત્રો દ્વારા મળતી માહિતી મુજબ આ બે પોલીસ કોન્સ્ટેબલની સોલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં જમીન કેસની સંડોવણી સામે આવતા જિલ્લા પોલીસ વડાએ આ બે કોન્સ્ટેબલ સામે કાર્યવાહી કરી છે. મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૭ પોલીસ મથકમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ મોહનભાઈ મહાદેવભાઈ અને જિલ્લા પોલીસ વડા ની કચેરી ખાતે ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ વિજયકુમાર કુબેરભાઈની સોલા વિસ્તારમાં જમીન કેસમાં સંડોવણી સામે આવતા બે પોલીસ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જિલ્લા ના બે પોલીસ કર્મચારીને સસ્પેન્ડ કરવામાં આવતા પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી હતી.

# શહેરમાં ગરમીની સાથે ORSની માંગ વધી

### ઓરલ ડિહાઈડ્રેશન સોલ્ટ-ORS પાવડરે ઝાડા-ઉલ્ટીથી થતો મૃત્યુદર ઘટાડી દીધો છે

ગાંધીનગર, તા. ૯

શહેરમાં ગરમીનો પારો વધી રહ્યો છે. ત્યારે શહેરીજનો આ કાળઝાળ ગરમીથી બચવા માટે વિવિધ નુસખાઓ અજમાવી રહ્યા છે. ઠંડા પીણા અને જ્યુસની ડિમાન્ડ વધી ગઈ છે. તે સાથે ORSની માંગમાં પણ વધારો થયો છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં અસહ્ય ગરમીથી ચક્કર આવવા, માથુ દુઃખવુ, અશક્તિ જેવી બિમારીઓ વધી રહી છે. ડિઆઈડ્રેશનની પરિસ્થિતિ પણ વર્તાઈ રહી છે. ડૉક્ટરો દ્વારા આવી પરિસ્થિતિમાં પ્રવાહી પીવાનું સૂચવવામાં આવે છે અને પાણીમાં લીંબુ ઉમેરવું તથા ORSનો ઉપયોગ કરવાનું સૂચવવામાં આવે છે. તેવામાં શહેરમાં મેડિકલ સ્ટોરમાં ORSની માંગમાં પણ વધારો થયો છે. જેમ આપણને ઉનાળામાં




ગરમીના કારણે ચક્કર આવે છે કે અશક્તિ લાગે છે એમ પશુ-પક્ષીઓને પણ ડીહાઈડ્રેશન થઈ જાય છે. તો આવા સમયમાં એમના પાણીમાં ORS નાખીને આપવામાં આવે છે. ઈલેક્ટ્રોલાઈટ્સનું પ્રમાણ વધારે હોય તેવા પીણા પીવા જોઈએ. ઓરલ રીહાઈડ્રેશન સોલ્ટ (ORS) એટલે કે ઝાડા-ઉલ્ટીની સારવારમાં શરીરમાં પાણી અને ક્ષાર ખાલી થઈ જતુ અટકાવતો પાવડર, વિશ્વમાં જો કોઈ દવા થકી દર્દીના પ્રાણ બચાવવાનું અંકગણિત માંડવામાં આવે તો ORS નો પ્રથમ નંબર બિનહરીફ રીતે જાહેર થાય. આ પાવડરના પ્રયોગે ઝાડા ઉલ્ટીથી થતો મૃત્યુદર ખાસ કરીને ઘટાડી દીધો છે.

સાદુ પાણી, નાળિયેર પાણી, ઓસામણ, પાતળી છાસ, લીંબુ પાણી, દૂધ કે તાજા ફળોનો રસ પીવો. આ સિવાય ઘરનો બનાવેલો તાજો અને હળવો ખોરાક લેવો. શહેરમાં ઘણી બધી જગ્યાએ પાણીના ઠંડા જગ મુકવામાં આવ્યા છે. જેના કારણે તરસ્યા માણસો ભરબપોરે પોતાની તરસ છીપાવવા આ ઠંડા પાણીનો લાભ લઈ રહ્યા છે. ઉનાળામાં ખાણીપીણીમાં ધ્યાન ન રાખ્યું તો હિટ સ્ટ્રોક કે ડિહાઈડ્રેશન થવાની પૂરેપૂરી શક્યતા રહેલી છે. ઉનાળામાં ૨ થી ૩ લીટર પ્રવાહી લેવુ જોઈએ. જેમાં ORSવાળા પાણીથી લઈને છાશ, જ્યુશ સહિતના સ્વાસ્થ્ય વર્ધક પીણા પીવા જોઈએ. ઉનાળાને ધ્યાને રાખીને નાગરિકોએ સાદુ પાણી પીવાના બદલે ORS વાળુ પાણી પીવું જોઈએ. જ્યારે વાસી કે ઠંડા ભોજનને લેવાનું ટાળવું જોઈએ કેમકે વાસી કે ઠંડા પડી રહેલા ભોજનથી ફૂડ પોઈઝનીંગ અને ઈન્ફેક્શન લાગવાની શક્યતા રહે છે.

## ખૂણેખાંચરેથી

● દહેગામ તાલુકાના જલારામ કોલ્ડ સ્ટોરેજ આગળથી પસાર થતી ગેસ લાઈનમાં આજે એકાએક આગ લાગતાં આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ પ્રસરી જવા પામ્યો હતો. આગ લાગવાનું કારણ હજુ બહાર આવ્યુ નથી.

● રાજ્યના પંચાયત વિભાગ દ્વારા ૧૪૫ જેટલા કર્મચારીઓના જીલ્લાફેર બદલીના હુકમો કરવામાં આવ્યા છે.

● ગાંધીનગર શહેર ભાજપ દ્વારા યુથ ડેવલપમેન્ટ સેલની રચના કરવામાં આવી છે.

● રામનવમીએ ૧૦ વર્ષ પછી ૨૪ કલાક રવિ પુષ્ય યોગ રહેશે.

● સે. ૧૭માં ગટરલાઈનો ઉભરાતી હોવાની સમસ્યાને હલ કરવા એક્ઝીબીશન સેન્ટર પર નવા બનાવાયેલ રોડ પરની ગટરલાઈનો પણ ખોલવામાં આવતા નવા રોડને નુકશાન થયુ છે.

● ધી ગુજરાત સચિવાલય સ્ટાફ એશો.ના મહેશસિંહ વાઘેલા અને ડૉ. ધર્મેશ નકુમે પણ મોંઘવારી ભથ્થામાં ૬ ટકા વધારો કરવા માંગ કરી છે.

● ગરમીનો પ્રકોપ વધતાં શહેરના બજારોમાં ઘરાકી ઘટવા પામી છે.

● ૨૦મી એપ્રિલે જિલ્લા બાળ સુરક્ષા સમિતિની બેઠક પંચાયત પ્રમુખની ચેમ્બરમાં મળશે.

● અનુદાનિત કોલેજોમાં ભરતી માટેની કવાયત શિક્ષણ વિભાગે વેગીલી બનાવી છે.

● સે. ૨૪, ૨૫, ૨૭ માં પાણી પુરા ફોર્સથી નહિ મળતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

## ગાંધીનગર ખાતેનું પરીક્ષા કેન્દ્ર દર્શાવવામાં ગુજરાત યુનિવર્સિટીનો 'છબરડો'

### સે-૮માંથી સમર્પણ કોલેજ સ્થળાંતરિત થયે વર્ષો થઇ ગયાં છતાં યુનિવર્સિટીએ જુનું સરનામું દર્શાવ્યું : યુનિવર્સિટીના વાંકે પરીક્ષાર્થીઓ પરેશાન થાય તેવી શક્યતા

ગાંધીનગર, તા.૯

ગુજરાત યુનિવર્સિટીના બેચલર ઓફ આર્ટસનાં સેમેસ્ટર - ૬ માં અભ્યાસ કરતા આશરે સાડા ચારસો જેટલા વિદ્યાર્થીઓના ગાંધીનગર સ્થિત પરીક્ષા કેન્દ્રના સરનામામાં છબરડો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આગામી તા. ૧૨મી એપ્રિલથી શરૂ થઇ રહેલી પરીક્ષા માટે તૈયાર કરાયેલા એક્ઝામિનેશન હોલ ટિકિટ કાર્ડમાં અપાયેલા પરીક્ષા સ્થળનું સરનામું ખોટું હોવાના કારણે અનેક પરીક્ષાર્થીઓને મુશ્કેલી ઊભી થશે જેના કારણે વિદ્યાર્થીઓ અવઢવમાં મુકાયાં છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ગુજરાત યુનિવર્સિટી દ્વારા છઠ્ઠા સેમેસ્ટરની પરિક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તારીખ ૧૨ એપ્રિલ, ૨૦૨૨ થી શરૂ થઈ રહેલી બી.એ.ની પરીક્ષા માટે હોલ ટિકિટ એટલેકે હાજરી રિસિપ્ટ પણ તૈયાર થઈ ગઈ છે. આ હોલ ટિકિટને જે તે પરીક્ષાર્થીઓ દ્વારા તેને ડાઉનલોડ કે પ્રિન્ટ કાઢવાનું પણ લગભગ પૂર્ણ થઈ ગયું છે. જોકે ગાંધીનગરના આશરે ૪૫૦ કરતા વધુ પરીક્ષાર્થીઓને હોલ ટિકિટમાં છબરડો હોવાનું જાણવા મળી રહ્યું છે. આ રિસિપ્ટમાં પરીક્ષાનું સ્થળ સેક્ટર -૮ ખાતે દર્શાવવામાં આવેલુ છે. જોકે, પરીક્ષાના સ્થળ તરીકે દર્શાવાયેલી સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ વર્ષો પહેલા સેક્ટર - ૮ ખાતે અસ્તિત્વ ધરાવતી હતી પરંતુ અત્યારે આશરે આઠેક વર્ષથી આ કોલેજનું તે સ્થળેથી સ્થળાંતર થઇ જવા પામ્યું છે. સ્થળાંતર થયેલી આ કોલેજ રીસીપ્ટમાં દર્શાવાયેલા કોલેજના જુના સ્થળથી આશરે આઠથી દસ કિલોમીટર જેટલું દૂર થઈ જવા પામ્યું છે જેના કારણે પરીક્ષા આપવા આવેલા વિદ્યાર્થીને રીસીપ્ટમાં દર્શાવાયેલા સ્થળ ઉપર જવાથી માત્ર ધક્કો જ પડવાનો છે અને આવો ધક્કો આશરે સાડા ચારસો જેટલા પરીક્ષાર્થીઓને પડવાની દહેશત રહેલી છે. બરાબર પરીક્ષાના સમયે ધક્કો પડ્યાં બાદ પરીક્ષાર્થીને પરીક્ષાના અસલ સ્થળ ઉપર પહોંચતા સુધી મોડું થઈ શકે છે અને મોડા પહોંચેલા પરીક્ષાર્થીની ગેરહાજરી પણ પૂરાવાની સંભાવના રહેલી છે. જો પરીક્ષાર્થી પંહોચી સમયસર જાય તો પણ પેપરના દિવસે આવો ધરમધક્કો તેના માટે ચિંતાજનક સ્થિતિ પેદા કરીને આત્મવિશ્વાસ ઘટાડનારો બની શકે છે જે તેના પરફોરન્સ પર અસર કરી તેનું પરિણામ બગાડી શકે છે. યુનિવર્સિટીના આવા બેજવાબદાર વલણથી આશરે સાડા ચારસો જેટલા આશાસ્પદ યુવાનોનું ભાવિ અંધકારમય બની જવાની સંભાવના રહેલી છે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા તૈયાર કરાયેલા એક્ઝામિનેશન હોલ ટિકિટ કાર્ડમાં થયેલા આવા છબરડા માટે તંત્ર દ્વારા દાખવવામાં આવેલી આવી બેદરકારીના વગર વાંકે કારણે દંડાવુ તો આખરે પરીક્ષાર્થીને જ પડશે જે યોગ્ય નથી, યુનિવર્સિટીએ સત્વરે આ છબરડો સુધારવો રહ્યો.

## સવિતા બા ઓમ રાવલ હોસ્પિટલ દ્વારા હોમિયોપેથિક ડે. નિમિત્તે ફ્રી મેડીકલ કેમ્પ યોજાયો



ચિલોડા, તા. ૯

ચિલોડા મોટા સ્થિત સવિતા બા ઓમ રાવલ અદ્યતન હોસ્પિટલ ખાતે હોમિયોપેથિક ડે નિમિત્તે સૌ પ્રથમ સંસ્થાના ટ્રસ્ટી ડૉ. અશોકભાઈ રાવલ અને અગ્રણી નટુભાઈ પટેલ પત્રકારના હસ્તે દીપ પ્રાગટ્ય અને કેક કાપી કેમ્પનો શુભારંભ કરાયો હતો. ત્યારબાદ મહુન્દ્રા ગ્રામ પંચાયતના સહયોગથી ગામમાં ફ્રી મેડીકલ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં તાલુકા પંચાયતના સદસ્ય જિતેન્દ્રસિંહ તથા ગામના અગ્રણી નરેન્દ્રસિંહ સોલંકી દ્વારા સારો સહકાર સાંપડ્યો હતો. આ કેમ્પમાં હોસ્પિટલની તબીબી ટીમના ડૉ. ગુંજન ભટેલે, ડૉ. નિધિ પંડ્યા અને ડૉ. મયુર પટેલ દ્વારા સેવા આપવામાં આવી હતી. ગામના અગ્રણી નરેન્દ્રસિંહ સોલંકીએ કેમ્પમાં ભારે જહેમત બાદ પ્રા. શાળાના વિદ્યાર્થીઓ, નટુભાઈ પટેલ સહિત ૩૭૮ જેટલા લાભાર્થીઓએ લાધ લીધો હતો.

## સેકટર-૭ પોલીસે ગણતરીના કલાકોમાં બાઈક ચોરીનો ભેદ ઉકેલ્યો



ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના સેકટર-૭ પોલીસ મથકના સર્વેલન્સ સ્ટાફના જવાનો વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા. તે સમયે હે.કો. ધર્મેન્દ્રસિંહ અને પો.કો. સિધ્ધરાજસિંહ ને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે આરોપી શેખર ઉર્ફે શાહરૂખ ખોડાભાઈ દંતાણીને ચોરીના સ્પ્લેન્ડર બાઈક નં.જી.જે.૦૧.એન.જે.-૩૯૪૦ કિં.૨૦,૦૦૦ સાથે પકડી પાડ્યો હતો. પોલીસે પોકેટકોપ તેમજ ઈ-ગુજકોપની મદદથી ખરાઈ કરતા સેકટર-૭ પોલીસ મથકે વાહનચોરીનો ગુનોં નોંધાયો હોવાથી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. સેકટર-૭ પીઆઈ ડી.એ.ચૌધરીના માર્ગદર્શન હેઠળ ડી સ્ટાફના હે.કો.ધર્મેન્દ્રસિંહ, પ્રદિપસિંહ, રવિકુમાર, પો.કો.બાબુજી, સિધ્ધરાજસિંહ અને સચિનસિંહે ગણતરીના સમયમાં વાહનચોરીનો ભેદ ઉકેલી પ્રશંસનીય કામગીરી કરી છે.




ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક તરૂણ દુગ્ગલ, સલામતિ શાખાના નાયબ પોલીસ અધિક્ષક ડી.એ. ચુડાસમા, લોકલ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેકટર એચ.પી. ઝાલા તથા ટ્રાફીક પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.આર. પુવારને ડી.જી.પી. આશિષ ભાટીયા તરફથી પોલીસ વિભાગમાં વર્ષ દરમ્યાન સરાહનીય કામગીરી કરનાર પોલીસ અધિકારીને ડી.જી.પી. કોમોન્ડેશન ડીસ્કથી સમ્માનીત કરવામાં આવ્યા છે. ગાંધીનગર જિલ્લાના ઉપરોક્ત ચાર અધિકારી આ પુરસ્કાર મેળવવામાં પસંદગી પામ્યા હતા, જેઓને ગતરોજ કરાઈ ખાતે ડી.જી.પી. આશિષ ભાટીયાના હસ્તે સમ્માનીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં પોલીસ અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### જીઈબી ગેટ સામે વેપારીને યુવકે ચપ્પા વડે મારવાની કોશીશ કરતા ફરીયાદ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જીઈબી મેઈન ગેટ પાસે આવેલી ટ્રાન્સપોર્ટની ઓફિસના માલિકને આજે બપોરે એક યુવકે ગાળો બોલી ઝપાઝપી કરી ખીસ્સામાંથી અણીદાર સોયો તેમજ ચપ્પા વડે મારવાની કોશીશ કરતા ટ્રાન્સપોર્ટના વેપારીએ યુવક સામે પેથાપુર પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર સ્વપ્નવિલા-૩ મકાન નં.એ-૭ ખાતે ક્રિપાલસિંહ જયદેવસિંહ રાણા પરિવાર સાથે રહે છે અને જીઈબી મેઈન ગેટ સામે ટ્રાન્સપોર્ટની ઓફિસ આવેલી છે અને ટ્રાન્સપોર્ટનો ધંધો કરે છે. ત્યારે આજે બપોરના સુમારે ક્રિપાલસિંહની ટ્રાન્સપોર્ટની ઓફિસ સામે રાજેશ ઉર્ફે ચીરકુટ (રહે,જીઈબી કોલોની) ઉભો હતો. ચીરકુટે આશરે બે વર્ષ અગાઉ મારા ભાઈ પર જીવલેણ હુમલો કર્યો હતો. પેથાપુર પોલીસ મથકે તે ગુનો નોંધાયેલ છે. નામદાર કોર્ટમાં કેસ ચાલવા પર છે. જે અંગે રાજેશ ઉર્ફે ચીરકુટ ફરીયાદીના ભાઈ જયપાલસિંહને ગઈકાલે ફોન કરીને ધમકી આપી હતી કે તે કરેલી ફરીયાદ અંગે કોર્ટમાં સમાધાન કરી લે જે નહીતર બે વર્ષ અગાઉ તો તને ફકત માર માર્યો હતો. જો સમાધાન નહી કરે તો તને હવે જીવતો નહી છોડુ તેમ જણાવ્યું હતું. જેથી આ અંગે ક્રિપાલસિંહે રાજેશ ઉર્ફે ચીરકુટને પુછ્યું હતુ કે તે મારા ભાઈને કેમ જાનથી મારી નાંખવાની ધમકી આપે છે. તેમ પુછતા જ ચીરકુટ અચાનક ઉશ્કેરાઈ ગયો હતો અને તેના ખીસ્સામાંથી બરફ તોડવાનો લાકડાના હાથાવાળો અણીદાર સોયો કાઢી ગાળાગાળી કરી મારવા જતા ક્રિપાલસિંહે તેનો હાથ પકડી લીધો હતો. જેથી તે તેના બીજા ખીસ્સામાંથી ચપ્પુ કાઢી ક્રિપાલસિંહને મારવા માટે જતા તેઓએ બુમાબુમ કરતા આસપાસના વેપારીઓ અને રાહદારીઓ આવી પહોંચીને બંનેને છુટા પાડ્યા હતા.

